અરેરાટી પમાડતા જઘન્ય બળાત્કારમાં 12 અને 15 વર્ષના બે કિશોરની પણ સંડોવણી હતી

પાંડેસરામાં 14 વર્ષની દિવ્યાંગ કિશોરીને પીંખી નાંખનારા બે નરાધમોને 20 વર્ષથી સખત કેદ

ચાર આરોપીઓએ અપહરણ કર્યું અને આખી રાત વારાફરતી પાશવી બળાત્કાર ગુજાર્યો, સવારે કિશોરીને પરત મૂકી ભાગી છૂટ્યા હતા

દોષિતોને 25 હજારનો દંડ, ભોગ બનનાર માસૂમને પાંચ લાખનું વળતર આપવા સુરતની કોર્ટનો આદેશ

સુરતઃ ત્રણ વર્ષ પહેલા પાંડેસરામાંથી 14 વર્ષિય અસ્થિર મગજની કિશોરીનું અપહરણ કરી તેના પર ગેંગરેપ ગુજારવાના ચક્ચારી બનાવમાં કોર્ટે બે પુખ્ત વયના આરોપીઓને કસૂરવાર ઠેરવીને તેમને 20 વર્ષની સખત કેદની સજા અને 25 હજાર રૂપિયાનો દંડનો હુકમ કર્યો હતો. ગેંગરેપ ગુજારનારાઓમાં એક 12 વર્ષનો કિશોર અને 15 વર્ષનો કિશોર પણ હતા.

કેસની વિગત એવી છે કે મૂળ ઉત્તર પ્રદેશનો શ્રમજીવી પરિવાર હાલ પાંડેસરામાં રહે છે. પરિવારમાં આધેડ પતિ-પત્ની ઉપરાંત તેમનો 19 વર્ષિય પૌત્ર અને 14 વર્ષિય પૌત્રી સંજના (નામ બદલ્યું છે) છે. સંજના માનસિક બીમાર છે. 19 જુલાઈ 2021ના રોજ સંજના ગુમ થઈ ગઈ હતી. આ બાબતે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપી વિરુદ્ધ અપહરણનો ગુનો દાખલ કરીને પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જે હકિકત સામે આવી તેનાથી પોલીસ પણ હેરાન થઈ ગઈ હતી. તપાસમાં ખબર પડી કે 19 જુલાઈ 2021ના રોજ રાત્રે આરોપીઓએ સંજનાનું અપહરણ કરી પાંડેસરાની શાંતિવન સોસાયટીમાં લઈ જઈ આખી રાત આરોપીઓએ સંજના સાથે વારાફરતી ગેંગરેપ કર્યો હતો. બીજા દિવસે સવારે આરોપીઓ સંજનાને પોલીસ કોલોની પાસે મૂકીને નાસી ગયા હતા. જ્યાંથી અપહરણ કર્યું તે અને જે સોસાયટીમાં લઈ ગયા ત્યાંના સીસી કેમેરામાં આરોપીઓ સંજનાને લઈ જતા દેખાઈ રહ્યા હતા.

પોલીસે આરોપીઓ શંકર ઉર્ફ શીલુ દ્વારીકાનાથ શાહુ (18 વર્ષ. રહે. તેરે નામ રોડ, પાંડેસરા) અને રામચંદ્ર ઉર્ફ રામ કાલુચરન પ્રધાન (28 વર્ષ.રહે. તેરે નામ ચોકડી, પાંડેસરા) તેમજ 12 વર્ષનો કિશોર અને 15 વર્ષના કિશોરની અટકાયત કરી હતી. 12 વર્ષ અને 15 વર્ષના કિશોરે પણ સંજના પર બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે આરોપીઓ શંકર ઉર્ફ શીલુ અને રામચંદ્ર ઉર્ફ રામ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

સરકાર તરફે એપીપી ડી.વી. દવેએ આરોપીઓને મહત્તમ સજા માટે દલીલ કરી હતી. આ કેસ આજે સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ (પોક્સો) અને ત્રીજા એડિશનલ સેશન્સ જજ શકુંતલા નરેશ સોલંકીની કોર્ટમાં ચાલી ગયો હતો. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી શંકર ઉર્ફ શીલુ અને રામચંદ્ર ઉર્ફ રામને કસૂરવાર ઠેરવીને 20 વર્ષની સખત કેદની સજા અને 25 હજાર રૂપિયાના દંડનો હુકમ કર્યો હતો. ઉપરાંત ભોગ બનનારને 5 લાખ રૂપિયાનું વળતર આપવાનો પણ હુકમ કર્યો હતો.

કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરો ઉપર જુવેનાઈલ કોર્ટમાં કેસ ચાલુ

સંજના પર 4 આરોપીઓએ વારાફરતી બળાત્કાર ગુજાર્યો હતો. બળાત્કાર ગુજારનારાઓમાં એક 12 વર્ષનો કિશોર અને બીજો 15 વર્ષનો કિશોર છે. પોલીસે બંનેને ડિટેઈન કર્યા હતા. પરંતુ તેઓ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરો હોવાથી તેમના વિરુદ્ધ જુવેનાઈલ કોર્ટમાં અલગથી કેસ ચાલી રહ્યો છે.

સંજના માનસિક બીમાર થઈ ત્યારે પરિવારજનો તેને સારવાર કરાવવાને બદલે ભગત-ભૂવા પાસે લઈ ગયા

સંજના પહેલા તેના વતનમાં રહેતી હતી અને 2017માં તે વતનથી પાંડેસરામાં તેના દાદા-દાદીના ઘરે રહેવા આવી હતી. તે જ્યારે રહેવા આવી ત્યારે તે સારી હતી. તેના એકાદ વર્ષ બાદ તેની માનસિક સ્થિતિ ખરાબ થતી ગઈ હતી. તે પાગલ વ્યક્તિની જેમ વર્તન કરતી હતી. સંજનાના પરિવારજનોએ એવું માની લીધું કે કોઈએ મેલી વિદ્યા કરેલ હશે અથવા કોઈ ભુત-પ્રેતનું વળગણ લાગ્યું હશે, જેથી પરિવારજનોએ કોઈ સારવાર કરાવી ન હતી અને સંજનાને ભુવા-ભગત પાસે લઈ ગયા હતા. તેના કારણે તેની માનસિક સ્થિતિ વધુ ખરાબ થઈ હતી.

નર્મદ યુનિ.માં હોસ્ટેલના વિદ્યાર્થીઓને રેગિંગ વિશે માહિતગાર કરાયા

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના એન્ટીરેગીંગ સેલ દ્વારા ગઈકાલે બપોરે એન્ટીરેગીંગ વિષય બાબતે સેમિનાર યોજાયો હતો. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને એન્ટીરેગીંગની માર્ગદર્શિકા અને તેના નિયમો અંગેની માહિતી આપવામાં આવી હતી. હોસ્ટેલમાં નવા સત્રમાં પ્રવેશ મેળવ્યા બાદ સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીઓને કરવામાં આવતી જાતીય સતામણી કે માનસિક સતામણી બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. સેમિનારમાં સૌ વિદ્યાર્થીઓને સાથે મળીને, એકબીજાને સાથ આપી સૌનો સાથ સૌનો વિકાસની ભાવના કેળવવા પર ભાર મૂક્યો હતો. વિદ્યાર્થીઓને નશા મુક્ત અભિયાન અંતર્ગત ડ્રગ્સ, ગાંજા, કેફી પીણાં જેવા દ્રવ્યોથી કઈ રીતે દૂર રહી શકાય તથા તેનાથી કઈ રીતે મુક્તિ મેળવી શકાય તે અંગેની માહિતી પણ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને રેગીંગ સંદર્ભે નાનકડો વિડીયો બતાવી માહિતગાર કરવામાં આવ્યા હતા. સેમિનારમાં અધ્યક્ષ સ્થાને વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડા, કુલસચિવ ડૉ.રમેશદાન ગઢવી, એન્ટીરેગીંગ સેલના કૉ-ઓર્ડીનેટર ડૉ.ભરત ઠાકોર, આસિ.વોર્ડન મહેશભાઈ માહલા, હોસ્ટેલ સ્ટાફ તથા મુખ્ય વકતા તરીકે કોમ્પ્યુટર સાયન્સ વિભાગના આસિ. પ્રોફેસર મયુર ધ્વજસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

છ મહિનાથી ટલ્લે ચડેલા રસ્તાના કામ મુદ્દે વિપક્ષની આગેવાનીમાં ફૂલ બજાર પાસેના ખાતાધારકોનો હલ્લો

કામ જલદી પૂરું કરાવવા વિપક્ષ નેતા પાયલ સાકરિયાને આવેદન આપ્યું : તંત્રએ મેયરને કામ પૂરું થઈ ગયાનું જણાવ્યું અને સ્થળ પર 'જૈસે થે...'

સુરતઃ મનપાના વોર્ડ નં.5માં આવેલા ફૂલ બજારથી ઉમિયા માતાના મંદિર સુધીનો રસ્તો છેલ્લા 6 મહિનાથી બદથી બદતર હાલતમાં છે. આશરે 6 મહિના અગાઉથી ડ્રેનેજની લાઈન નાંખવાનું કામ કરતા, ત્યાંની હયાત પાણીની લાઈનો કોન્ટ્રાક્ટર દ્વારા ડેમેજ કરવામાં આવી હતી. જેને પરિણામે ડ્રેનેજ લાઈન નાંખ્યા પછી પાણીની લાઈનની સમસ્યાઓ ઉદભવી હતી. જેથી સમગ્ર રસ્તો ખાડા ખાબોચિયાવાળો અને બિસમાર હાલતમાં છે. ત્યાં સ્થિત અજંતા ડાયમંડ ઇન્ડ.કો. ઓ.સો. ના ખાતાધારકો ખૂબ જ દયનીય હાલતમાં આવવા-જવા મજબૂર બન્યા છે.

આ બાબતે સમગ્ર વિસ્તારના રહીશો, દુકાનદારો અને ખાતાધારકોએ ત્યાંના સ્થાનિક આમ આદમી પાર્ટીનાં કોર્પોરેટર મનીષાબેન કુકડિયાને રજૂઆત કરતાં બુધવારે સવારે વિપક્ષ નેતા પાયલ સાકરિયા અને 'આપ'નાં કોર્પોરેટર શોભનાબેન કેવડિયા સહિત સ્થાનિકો દ્વારા સમગ્ર બાબતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

અજંતા ઇન્ડ. કો.ઓ.સો.ના પ્રમુખ અનિલભાઈ પટેલના કહેવા પ્રમાણે દર વર્ષે લાખો રૂપિયાનો વેરો ફક્ત અજંતા ઇન્ડ. માંથી પાલિકાની તિજોરીમાં જાય છે પણ સુવિધાને નામે મીંડું છે. ખરાબ રોડ-રસ્તાને કારણે દરરોજ કેટલાય એક્સિડેન્ટ થાય છે, લોકોને નાની-મોટી ઈજાઓ થાય છે, પણ તંત્રના પેટનું પાણી હાલતું નથી. શું અમે હાલાકી ભોગવવા દર વર્ષે લાખો રૂપિયાના વેરા ભરીએ છીએ? દર વખતે શાસકો અને તંત્ર ઉડાઉ જવાબ આપીને છટકી જાય છે.

સમગ્ર મામલે સ્થાનિકોએ વિપક્ષ નેતા પાયલ સાકરિયાને આવેદન આપી સત્વરે સમસ્યાનું નિરાકરણ લાવવા ભલામણ કરી હતી. વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ પણ બાંયધરી આપતાં જણાવ્યું હતું કે, 4-5 દિવસમાં જો આનો ઉકેલ નહીં આવે તો આંદોલન અને ધરણાં પ્રદર્શન પણ કરીશું.

મોંગરોળ અને ઉમરપાડામાં વધુ પોણા બે ઈંચ વરસાદથી પાણી પાણી

મધ્યપ્રદેશની લો પ્રેસર સિસ્ટમની અસર, જિલ્લામાં અન્યત્ર છૂટાછવાયાં ઝાપટાં

સુરતઃ શહેર અને જિલ્લામાં ગઈકાલથી ફરી વરસાદ શરૂ થયો છે. આજે પણ જિલ્લામાં બારડોલી અને મહુવા તાલુકાને બાદ કરતા બધે વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને માંગરોળ અને ઉમરપાડામાં મેઘાએ વધુ પોણા બે ઈંચ પાણી ઝીંક્યું હતું. જ્યારે સુરત શહેરમાં પણ સાંજે જોરદાર ઝાપટા સાથે પોણો ઈંચ વરસાદ થતાં ઠેર ઠેર પાણી ભરાયા હતાં.

મધ્યપ્રદેશમાં એક લો પ્રેસર સિસ્ટમ આવતા તેની અસર જોવા મળી છે. જિલ્લામાં કે દક્ષિણ ગુજરાતમાં હાલ કોઈ વરસાદી સિસ્ટમ નથી. જેથી છુટાછવાયા વરસાદનો દોર યથાવત રહેશે. આજે ઓલપાડ તાલુકામાં 8 મીમી, માંગરોળમાં 42 મીમી, ઉમરપાડામાં 45 મીમી, માંડવીમાં 7 મીમી, સુરતમાં 16 મીમી, કામરેજમાં 7 મીમી, ચોર્યાસીમાં 3 મીમી અને પલસાણામાં 2 મીમી વરસાદ નોંધાયો હતો. બારડોલી અને મહુવા તાલુકા કોરાકટ રહ્યા હતા.

ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતાં ઉકાઈનો આઉટફ્લો પણ ઘટાડીને 55 હજાર કરાયો

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદ ધીમો પડતા ડેમમાં પાણીની આવક અને જાવકમાં ઘટાડો થયો છે. આજે સાંજે 55 હજાર ક્યુસેક પાણીની આવક અને જાવક નોંધાઈ છે. ઉકાઈ ડેમના ઉપરવાસના ટેસ્કામાં 15 મીમી, ચીકલધરામાં 11 મીમી, વેલદામાં 29 મીમી, નંદુરબારમાં 27 મીમી, બમ્બરૂલમાં 15 મીમી, અક્કલકુવામાં 34 મીમી, કાકડીઅંબામાં 61 મીમી, ઉકાઈમાં 17 મીમી, નિઝરમાં 27 મીમી અને ચોપડવાવમાં 73 મીમી વરસાદ નોંધાયો હતો. જેને લીધે હથનુર ડેમમાંથી 27 હજાર અને પ્રકાશામાંથી 47 હજાર ક્યુસેક પાણી છોડાયું હતું. ઉકાઈ ડેમમાં આજે સવારે 74 હજાર ક્યુસેક પાણીની આવક અને એટલી જ જાવક હતી. જે સાંજે ઘટીને 55 હજાર ક્યુસેક નોંધાઈ હતી. ડેમના 5 ગેટ ચાર ફુટ ખોલાયા છે. ડેમની સપાટી 339.22 ફુટે સ્થિર રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પાંચ દિવસ પછી ડેમનું રૂલ લેવલ 345 ફુટ થશે, એટલે હવે ડેમને ધીમે ધીમે ભરવા દેવાશે.

શહેરમાં અસહ્ય ઉકળાટ વચ્ચે સાંજે મેઘો મહેરબાન, સેન્ટ્રલ ઝોનમાં પોણો ઈંચ પાણી ઝીંક્યું

સુરતઃ બુધવારે વહેલી સવારથી જ આકાશમાં કાળાડિબાંગ વાદળો છવાઈ ગયાં હતાં અને બપોર બાદ આખા શહેરમાં વરસાદ વરસવાની શરૂઆત થઈ હતી. જો કે સવારથી ઉકળાટ અને બફારાની અનુભૂતિ બાદ વસરાદે ઘબઘબાટી બોલાવતા ઠંડકનો અહેસાસ થવા લાગ્યો હતો. સેન્ટ્રલ ઝોનમાં સર્વાધિક 16 એમએમ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. સુરત શહેર ફ્લડ કંટ્રોલ રૂમનાં સુત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી મુજબ આજે બપોર બાદ વરસાદ શરૂ થયો હતો, જે પૈકી શહેરના સેન્ટ્રલ ઝોનમાં 16 એમએમ જેટલો વરસાદ વરસ્યો હતો. જ્યારે રાંદેર ઝોનમાં 3 એમએમ, કતારગામ ઝોનમાં 5એમએમ, વરાછા એ ઝોનમાં 8એમએમ, વરાછા બી ઝોનમાં 5એમએમ, લીંબાયત ઝોનમાં 4એમએમ, અઠવા ઝોનમાં 1 એમએમ જ્યારે ઉધના ઝોનમાં નહિવત વરસાદ વરસ્યો હતો. નોંધનીય છે કે, બપોરના 4થી 6 કલાક એટલે કે માત્ર 2 કલાક દરમિયાન શહેરમાં વરસાદ વરસ્યો હતો અને મોડી સાંજ બાદ વરસાદે ફરીથી વિરામ લીધો હતો.

પુણામાં દ્વારકાધીશ ટ્રેડિંગના માલિક સાથે રૂપિયા એક લાખની ઠગાઈ

ગઠિયો રાજહંસ સિનેમાનો માલિક હોવાનું કહી પૈસા લઈ રફુચક્કર થઈ ગયો

સુરતઃ પુણાગામ સીતાનગર ચોક પાસે આવેલી દ્વારકાધીશ ટ્રેડિંગ નામની દુકાનમાં સોમવાર તેલના ડબ્બા ખરીદવાના બહાને આવેલા ગઠિયાએ દુકાનમાલિકને પોતે રાજહંસ સિનેમાનો માલિક હોવાનું કહી 100-100 રૂપિયાની નોટોનાં બંડલ આપવાને બહાને તેમની પાસેથી એક લાખ પડાવી રફુચક્કર થઈ ગયો હતો.

પુણાગામ પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ પુણાગામ અર્ચના સ્કૂલ પાસે રવિ પાર્ક સોસાયટીમાં રહેતા ઘુસાભાઈ ભુરાભાઈ બલદાણીયા સીતાનગર ચોક પાસે રાજમંદિર એપાર્ટમેન્ટમાં દ્વારકાધીશ ટ્રેડિંગના નામે દુકાન ધરાવે છે. ગત સોમવારે ઘુસાભાઈ દુકાને હતા. એ વખતે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં તેમની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં ગઠિયો આવ્યો હતો. ગઠિયાએ તેને પાંચ તેલના ડબ્બા લેવાના છે કહેતાં ઘુસાભાઈએ કુલ રૂપિયા ૮૭૫૦ કીધા હતા. ગઠિયાએ વ્યાજબી રાખો હોવાનું કહેતાં ઘુસાભાઈએ તેના દીકરાને ફોન કર્યા બાદ એક ડબ્બા ઉપર ૫૦ રૂપિયા ઓછા આપવાની વાત કરી હતી. ગઠિયાએ તેલના ડબ્બા દુકાનની બહાર લઈને ઊભા રહેવાનું કહી ગયા બાદ થોડીવારમાં પાછો દુકાને આવ્યો હતો. ગઠિયાએ તેમને રાજહંસ સિનેમા મારું છું. મારે સત્તર લાખ રૂપિયાનું ૧૦૦-૧૦૦ની નોટનું આંગડિયું આવ્યું છે. જો તમારે છૂટા જોઈએ છે એવું પૂછતાં ઘુસાભાઈએ તેના દીકરા અશ્વિનભાઈને પૂછવું પડશે કહેતાં ગઠિયાએ તેમના દીકરા અશ્વિનનો મોબાઈલ નંબર લઈ તેના બદલે અન્યને કોલ કરી વાત કરી તેણે હા પાડી છે હોવાનું કહ્યું હતુ. ઘુસાભાઈએ પણ તેના દીકરા સાથે વેરિફાઈ ન કરી ગલ્લામાંથી એક લાખ આપી દીધા હતા અને ગઠિયો તેમને બાઈક પર પાછળ બેસાડી રાજહંસ સિનેમા ખાતે લઈ ગયો હતો. ત્યાં બાઈક ઊભી રખાવી ઘુસાભાઈને ઓફિસ બતાવી ત્યાંથી પૈસા લેવા માટે મોકલી આપ્યો હતો. ઘુસાભાઈ ઓફિસમાં જતાં કોઈ મળી આવ્યું ન હતું અને પરત આવીને જોતાં ગઠિયો પણ બાઈક લઈ નાસી ગયો હતો. ઘુસાભાઈએ તેના દીકરા સાથે વાત કર્યા બાદ પોતાની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવતાં ગતરોજ પુણા પોલીસમાં અજાણ્યા સામે ફરિયાદ નોંધાવી હતી. આ બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે.

'થીંગડાં મારવાનું બંધ કરો, આખો રસ્તો રિપેર કરો' ભીમપોરના લોકોએ મનપાની ટીમને ભગાડી

નૂટેલા રસ્તા મુદ્દે શહેરીજનોની ધીરજ ખૂટી રહી છે : ગામલોકોના વિરોધને કારણે મનપાની ટીમ વીલા મોઢે પરત ફરી

સુરતઃ વરસાદે શહેરના રસ્તા ધોઈ નાંખતાં મનપાના તંત્રવાહકો પર પસ્તાળ પડી રહી છે. વરસાદ બંધ થયાના ઘણા દિવસો પછી પણ ઘણી જગ્યાએ રસ્તા રિપેર નહીં થતાં લોકોની ધીરજ ખૂટી રહી છે. જેનું ઉદાહરણ ભીમપોરમાં રસ્તો રિપેર કરવા ગયેલી મનપાની ટીમને થયો હતો. ઘણા દિવસોથી રસ્તાના ખાડાથી ત્રાસી ગયેલા લોકોએ મનપાની ટીમનો હુરિયો બોલાવી ભગાડી મૂકી હતી.

મળતી વિગત મુજબ ભીમપોર ગામના રસ્તાના ખાડાઓ રિપેર કરવા માટે બુધવારે અઠવા ઝોનની ટીમ પહોંચી હતી. મનપાની ટીમ ખાડા રિપેર કરી રહી હતી ત્યારે ભેગા થયેલા લોકોએ સારો રસ્તો બનતો નથી તો થીંગડા મારવાનો શું મતલબ? તેવા સવાલો કરી રિપેર કરી રહેલી ટીમ સાથે બોલાચાલી કરી હતી. જો કે, રિપેર કરવા ગયેલી ટીમે લોકોને સમજાવવા પ્રયત્ન કર્યો હતો કે ચોમાસુ ચાલુ હોવાથી હાલ માત્ર ખાડા રિપેર થઈ શકે. નવો રસ્તો બની શકે નહીં. પરંતુ ઘણા સમયથી કમરના મણકા તોડી રહેલા ગામલોકોની નારાજગી ચરમસીમાએ હોય, ગામલોકોએ કામગીરી અટકાવતાં આખરે અધિકારી, કર્મચારીઓએ વીલા મોઢે પરત ફરવાની નોબત આવી હતી.

ગામલોકોના આક્ષેપ મુજબ ૧૮ વર્ષ પહેલાં ડુમસ ગામનો સુરત મહાનગરપાલિકામાં સમાવેશ થઈ ગયો છે. પરંતુ હજુ સુધી રસ્તા મામલે મનપાના તંત્રએ અહીં ધ્યાન આપ્યું નથી.

રિક્ષાચાલકે સ્કૂલના વિદ્યાર્થીના હાથમાં સ્ટીયરિંગ આપ્યાનો વિડીયો વાયરલ

રિક્ષાચાલકની સાથે શાળાના આચાર્યની પણ ગંભીર બેદરકારી સામે આવી

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં એક સ્કૂલના ઓટો ચાલકે સ્કૂલના વિદ્યાર્થીને રિક્ષાનું સ્ટીયરિંગ થમાવી દીધું હોવાનો જોખમી વિડીયો સામે આવ્યો છે. આ વિડીયો વાયરલ થતાં તંત્રની સાથે શાળાના આચાર્યની બેદરકારી પણ છતી થઈ છે.

મળતી માહિતી મુજબ ડિંડોલી વિસ્તારમાં (GJ-05- CT 2016) નંબરની સ્કૂલ રિક્ષામાં વિદ્યાર્થીઓ ઘેટાં-બકરાંની જેમ બેસાડવામાં આવ્યાં હતાં, જેમાં એક વિદ્યાર્થીને ડ્રાઈવરે પોતાની બાજુમાં બેસાડ્યો હતો. એટલું ઓછું હોય તેમ તેના હાથમાં રિક્ષાનું સ્ટીયરિંગ પણ પકડાવી દીધું હતું. આ વિડીયોમાં પરિવારમાં બે બહેનના એકના એક ભાઈનો જન્મ થતાં ખુશીનો માહોલ સર્જાયો છે.

રિક્ષાચાલકની ગંભીર બેદરકારી ઉપરાંત જે શાળાનાં વિદ્યાર્થીઓ છે, તે શાળાના આચાર્યની પણ બેદરકારી સામે આવી છે. સુરત જિલ્લા શિક્ષણાધિકારી અને આર.ટી.ઓ. સહિતના વિભાગો દ્વારા શાળામાં વિદ્યાર્થીઓની સલામતી માટેની ગાઈડલાઈનમાં વિદ્યાર્થીઓના અવરજવર માટે ઉપયોગમાં લેવામાં આવતાં વાહનો માટે આચાર્યએ પણ સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી હોવા છતાં વિદ્યાર્થીઓના જીવન સાથે રમત રમી રહેલા આવા રિક્ષાચાલકો સામે શિક્ષાત્મક કાર્યવાહીની માંગણી પણ સોશિયલ મીડિયામાં વહેતી થઈ છે. સ્કૂલ ઓટો અને વાનમાં બેઠકો કરતા પેસેન્જર જેટલા જ વિદ્યાર્થીઓને બેસાડવા અથવા તો પછી વિદ્યાર્થીઓ માટે અલાયદી સુવિધા ઊભી કરવામાં આવી હોય તો જ નિયત સંખ્યામાં વિદ્યાર્થીઓને બેસાડી શકાય તેમ હોવા છતાં સ્કૂલ ઓટોમાં વિદ્યાર્થીઓને ઘેટાં-બકરાંની જેમ બેસાડવામાં આવતા હોવાના અનેક વિડીયો પણ અનેક વખત સોશિયલ મીડિયામાં વાયરલ થતા આવ્યા છે.

ભરૂચના શક્તિનાથ ફીડરનો વીજ પુરવઠો આજે બંધ રહેશે

ભરૂચઃ ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં સ્વામિનારાયણ ફીડરની મહત્ત્વની કામગીરી હાથ ધરવાની હોવાથી આ વિસ્તારનો વીજ પુરવઠો તા.12-9-2024ને સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી બંધ રહેશે. ભરૂચનો શક્તિનાથ વિસ્તાર, નારાયણ નગર, દેવભૂમિ, ભારતી રો-હાઉસ, રંગવર્ષાના રોડની તમામ સોસાયટી, શંભુ રેરીનો તમામ વિસ્તાર તથા આશુતોષ સોસાયટી 1-2-3 સહિતના તમામ શક્તિનાથ વિસ્તારમાં આખો દિવસ વીજ પુરવઠો બંધ રહી શકે છે. અયોધ્યા વોટર ટ્રીટમેન્ટ, માતરીયા ઈન્ટેકવેલના વીજ પુરવઠાને પણ સવારના 7થી સાંજના 6 વાગ્યા સુધી બંધ કરવાનો હોવાથી પાણી સંગ્રહ કરી લેવાની સલાહ અપાઈ છે.

પુણા ગામમાં આધેડનો આપઘાત

સુરતઃ મૂળ અમરેલી અને હાલ પુણાગામ સહયોગ સોસાયટીમાં દેવચંદ્ર મોહન ડાભી (50 વર્ષ), બે પુત્રો સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેમને છેલ્લા દસેક વર્ષથી માનસિક બીમારી હતી. આથી કંટાળી તેમણે મંગળવારે સાંજે ઘરના બીજા માળેથી નીચે પડતું મૂક્યું હતું. ગંભીર ઈજાથી તેમનું મોત નીપજ્યું હતું.

હજીરામાં 108ની ટીમે સફળ પ્રસૂતિ કરાવી, માતાએ બે કિલોના બાળકને જન્મ આપ્યો

પ્રસૂતિ બાદ 108ની ટીમ માતા અને બાળકને વધુ સારવાર માટે તાત્કાલિક નવી સિવિલ લઈ આવી, બાળક અને માતા બંને સ્વસ્થ

સુરતઃ 108 ઈમરજન્સી ટીમની ઉમદા કામગીરી સામે આવી છે. 108ની ટીમે ગણતરીના મિનિટમાં સ્થળે પહોંચી હજીરામાં સફળ પ્રસૂતિ કરાવી હતી. પ્રસૂતિ બાદ માતાએ બે કિલોના બાળકને જન્મ આપ્યો હતો. પ્રસૂતિ બાદ 108ની ટીમ માતા તેમજ બાળકને વધુ સારવાર માટે તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં હાલ બાળક અને માતા બંને સ્વસ્થ છે.

સુરત 108 ઈમરજન્સી સેવાના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર તેમજ જિલ્લા સુપરવાઈઝર અજય ખાદમે જણાવ્યું હતું કે, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ હજીરા માતા ફળિયામાં પ્રદુમ કુમાર હરિજન પત્ની મૈના (26 વર્ષ) તેમજ બે પુત્રી સાથે રહે છે. પ્રદુમ કુમાર મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પ્રદુમ કુમારની પત્ની મૈના હાલ ગર્ભવતી હતી. તેને છેલ્લો મહિનો ચાલી રહ્યો હતો. દરમિયાન બુધવારે સવારે મૈનાને પ્રસુતીનો દુખાવો ઉપડયો હતો. જેથી પ્રદુમ કુમારે 108 ઈમરજન્સી એમ્બ્યૂલન્સનો સંપર્ક કર્યો હતો. જેથી ઉગત લોકેશનની 108 એમ્બ્યુલન્સના મેડિકલ ટેકનીશિયન સંગીતાબેન ઠાકોર અને પાયલોટ આકેશ ગામીત ગણતરીના મિનિટોમાં સ્થળે દોડી આવ્યા હતા અને તેણીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવી રહ્યા છે. જ્યાં ઈચ્છાપોર ગામ પાસે બાળક અર્ધો બહાર આવી ગયો હતો. જેથી 108ની ટીમે ઈઆરસીપી ડોકટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ પ્રસૂતિ કરવાનો નિર્ણય લઈને સફળ પ્રસૂતિ કરાવી આપી હતી. ત્યારબાદ માતા અને બાળકને વધુ સારવાર માટે તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં બંનેની તબિયત સારી છે. પ્રસૂતિ દરમિયાન મૈનાએ બે કિલોના બાળકને જન્મ આપ્યો હતો.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ડીસીપી ગુર્જર...

તેઓ સાથે અન્ય લોકો આવ્યા હતા. દરમિયાન અન્ય સાથીદારો ભાગી શકે એ માટે આ લોકોએ પોલીસ પર ઉગ્રતાથી પથ્થરમારો કર્યો હતો. આ લોકો પોલીસને પતાવી નાંખવા માંગતા હોવાની ચોંકાવનારી વિગતો પોલીસ તપાસમાં બહાર આવી છે.

નાનાં બાળકોને...

કેવી રીતે જેહાદી વિચારધારા સાથે જોડી દેવાયો. આ મામલે હાલમાં 26 લોકોનાં રિમાન્ડ સમાપ્ત થયા બાદ અને અન્ય દોઢસો લોકોની ધરપકડ બાકી છે ત્યારે શહેર પોલીસ આ ગંભીર મામલે આગળ વધવા માંગે છે.

સૈયદપુરામાં પથ્થરમારાની...

કરવામાં આવ્યો હતો, જેના પરિણામે વ્યાપક રોષ ફેલાયો હતો અને અનેક વાહનોને નુકસાન થયું હતું. સુરત શહેર પોલીસ દ્વારા પોસ્ટ કરવામાં આવેલ એક વિડિયો https://x.com/CPSuratCity/ status/ 1833012676517343661?t=KAevts63VHSW- 4LYbJyYQ&s=19 વ્યક્તિઓને તેમના ઘરોમાંથી લેવામાં આવે ત્યારે યોગ્ય રીતે ચાલતા બતાવે છે. જો કે, ત્યારપછીના ફૂટેજ પોલીસ કસ્ટડીમાં રહ્યા બાદ તેઓ યોગ્ય રીતે ચાલી શકતા ન હોવાનું દર્શાવે છે, જે ભારપૂર્વક દર્શાવે છે કે પોલીસ કર્મચારીઓ દ્વારા તેઓને નિર્દયતાથી મારવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા કરાયેલું વર્તન ભારતના બંધારણની કલમ 21 હેઠળ સંરક્ષિત મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને એક સંસ્કારી અને લોકશાહી સમાજની ભાવનાને નબળી પાડે છે. કોઈપણ પોલીસ મેન્યુઅલ અથવા ભારતીય દંડ સંહિતામાં એવી કોઈ જોગવાઈ નથી કે જે પોલીસ અધિકારીઓને નાગરિકો પર અંધાધૂંધ હુમલો કરવાની મંજૂરી આપે. આ ઘટનાના વિડિયો પુરાવા સ્પષ્ટપણે દર્શાવે છે કે ભૂલ કરનાર પોલીસ અધિકારીઓએ અરાજકતા માટે ખતરનાક દાખલો બેસાડીને અને કાયદાના શાસનને નબળો પાડવાના ભય વિના કાર્યવાહી કરી હતી.

ક્રૂર માર માટે જવાબદાર પોલીસ અધિકારીઓને ઓળખવા અને તેમને જવાબદાર ઠેરવવા જોઈએ, કારણ કે તેઓ ફોજદારી કાર્યવાહીની સંહિતાથી બંધાયેલા છે અને તેમની પાસે કોઈપણ વ્યક્તિને શારીરિક નુકસાન પહોંચાડવાનો અથવા ડરાવવાનો કોઈ અધિકાર નથી. વિડીયો પુરાવા સ્પષ્ટપણે દર્શાવે છે કે ધરપકડ માટે કોઈ પ્રતિકાર ન હતો અને બળનો ઉપયોગ માત્ર આરોપીઓને ભયભીત કરવા માટે હતો, જેઓ લઘુમતી સમુદાયના છે. જાહેર ડોમેનમાં ઉપલબ્ધ પોલીસ ક્રૂરતાના નોંધપાત્ર પુરાવા હોવા છતાં, સંબંધિત અધિકારીઓ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. આ વિલંબ પોતે જ પોલીસ દળમાં સંસ્થાકીય સરમુખત્યારશાહી માનસિકતા અને કાયદાના શાસનની અવગણનાનો પુરાવો છે. એ જોતાં ફરજ ભૂલેલા પોલીસ અધિકારીઓ સામે પશ્ચિમ બંગાળ સરકાર વિરુદ્ધ બાસુનાં સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ કાર્યવાહી કરવામાં આવે.

વરસાદમાં જર્જરિત...

ચોર્યાસી ધારાસભ્યએ પ્રદે